# મીલાદુન્નબી અને મોહબ્બતે રસુલ

(સલ્લલ્લાહુ અલૈહી વ સલ્લમ)

લેખક : ડો. ફઝલૂર્રહમાન મદની

ISLAMIC INFORMATION CENTRE - KUTCH

IIC

THE AUTHENTIC ISLAMIC LIBRARY

ઇસ્લામિક ઇન્ફર્મેશન સેન્ટર - કચ્છ

M : 84017 86172 | www.iickutch.blogspot.in

બિસ્મીલ્લાહીર્રહમાનિર્રહીમ

# મીલાદુન્નબીનું સ્થાન શરીઅતની નજરે

અલ્હમ્દુલિલ્લાહિકફા-વ-સલામુન-અલા-ઈબાદિહિલ્લઝીનસ્તફા અમ્માબઅદ : રબીઉલ અવ્વલનો મહીનો એ મહીનો છે જેમાં આકાએ નામદાર, તાજદારેમદીનહ અહમદે મુજતબા, મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) નો જન્મ થયો, આ હિસાબે ચોક્કસ આ મહીનો ઘણો જ ખુશીઓનો મહીનો છે, પણ આ જ મહીનામાં આપ (સ.અ.વ.) નો અવસાન થયુ. જે હિસાબે આ મહીનો એક રીતે ગમ અને શોકનો પણ મહીનો છે. જેથી કરી આપણે આપણી ધારણા અને મરજીથી કંઇ કરવાને બદલે કુર્આન, હદીષ અને સહાબાઓ (રઝિ.) ના અમલના પ્રકાશમાં જોવું જોઇએ કે, આ મહીનામાં જે ઘણા ખરા મુસલમાનો ઈદે મીલાદુન્નબી તેમજ બારમી વફાત મનાવે છે તો તેનું શરીઅતની અંદર શું સ્થાન છે? જો શરીઅતની અંદર તેની સાબિતી પૂરવાર થાય તો અવશ્ય મનાવવું જોઇએ. પણ જો કિતાબ (કુર્આન) અને સુન્નત (હદીષ) તેમજ સહાબહ (રઝિ.) ના અમલ દ્વારા તેની સાબિતી ન મળતી હોય તો પછી કંઇપણ શંકા-કુશંકા રાખ્યા વગર તેને છોડી દેવું જોઇએ.

### ઈસ્લામ એક સર્વાગ્રહી અને સંપૂર્ણ દીન છે

અલ્લાહતઆલાએ ઈન્સાનોને સદમાર્ગે દોરવવા ઘણા જ અમ્બિયા અને રસૂલોને મોકલ્યા. સૌથી આખરે તેમની હિદાયત અને સદમાર્ગે દોરી જવા માટે તેમજ તેમને એક સંપૂર્ણ વ્યવસ્થિત જીવનધારા અર્પણ કરવા માટે સૈયિદુલ મુર્સલીન ખાતમુન્નબિય્યીન હઝરત મુહમ્મદુર્રસુલુલ્લાહ (સ.અ.વ.) ને પયગંબર બનાવી મોકલ્યા. જેમણે ૨૩ વરસની પયગંબરી મુદતમાં અલ્લાહતઆલાના આદેશો સંપૂર્ણપણે આપણા સુધી પહોંચાડી દીધા. તેમજ ઈન્સાનો અને જિન્નાત માટે જેટલી લાભદાયી અને શ્રેષ્ઠ વસ્તુઓ હતી, તેમજ જેમાં દુનિયા અને આખિરતની ભલાઈઓ સમાયેલી હતી તે તમામ વસ્તુઓને આપ (સ.અ.વ.) એ ખોલી ખોલીને બયાન કરી દીધી. અને જે વસ્તુઓ દીન અને દુનિયાના સંબંધમાં તેમના માટે નુકસાનકારક હતી તેનાથી તમામ લોકોને ચેતવી દીધેલ છે. કેમ કે, અલ્લાહતઆલા તરફથી તમામ અમ્બિયા (અ.સ.) ને તેની જવાબદારી સોંપવામાં આવી હતી. જેમ કે, ખુદ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે કે, મારી પહેલા જેટલા પણ અમ્બિયા (અ.સ.) આવ્યા તેમની ઉપર વાજિબ (જરૂરી) હતું કે, તેઓ ઉમ્મતની દરેક તે વસ્તુ તરફ દોરવણી કરે જેના વિશે તેમને જાણ થાય કે, તેનાથી કોઇ ભલાઇ અને લાભ છે. અને તેમને માલૂમ પડતી દરેક તે વસ્તુઓથી ડરાવે જેમાં તેમના માટે બુરાઇ અને નુકસાન હોય. (સહીહ મુસ્લિમ ૩/૧૪૭૩ (૧૮૪૪) વસુનનઇબ્નેમાજહ ૨/૧૩૦૬ (૩૯૫૬))

અને તબ્રાનીમાં સહીહ સનદથી રિવાયત આવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, જેટલા પણ કામો અલ્લાહના રાજીપા તેમજ અલ્લાહની નજદીકી હાસલ કરવાના છે તે તમામ મેં બતાવી દીધા છે અને જેટલા પણ કામ અલ્લાહથી દૂર કરનારા અને અલ્લાહની નારાજગીના છે તે તમામ કામોથી અમોએ તમને રોકી દીધેલ છે. (ઝઈફ અને મોઝૂઅ રિવાયત પાના નં. ૯)

આથી માલૂમ પડયું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ પોતાની ઉમ્મતને ઈબાદતો, મામલાઓ, માન્યતાઓ અને ચારિત્ર, આદતો વિ. તમામ કામોના સંબંધમાં અલ્લાહના હુકમો વિગતવાર બતાવી દીધેલ છે.

અને આ એક ઈન્કાર ન થઈ શકે તેવી હકીકત છે કે, અલ્લાહતઆલાએ તાલીમ અને પ્રચારની જે જવાબદારી આપ (સ.અ.વ.) ને સોંપી હતી તેને આપ (સ.અ.વ.) એ સંપૂર્ણ રીતે નૈતિક જવાબદારી સમજી પહોંચાવી દીધી અને નાની મોટી તમામ લાભદાયી વસ્તુઓ ઉમ્મતને બતાવી દીધી. ત્યાં સુધી કે ગૈરમુસ્લિમો પણ સહાબહ (રિ.અ.) ને કહેતા કે, તમારા નબીએ તો તમને દરેક વસ્તુની તાલીમ આપી દીધી છે ત્યાં સુધી કે કઝાએ હાજત પેશાબ/પાયખાનાના નિયમો પણ બતાવી દીધા છે. હઝરત સલ્માન ફારસી (રઝિ.) ને કોઈએ એ જ વાત કહી તો જવાબમાં તેઓએ ફરમાવ્યું કે, હા અમારા રસૂલ (સ.અ.વ.) એ અમને દરેક વસ્તુની તાલીમ આપી છે અને કઝાએ હાજતના આદાબ, નિયમોના સંબંધમાં પણ અમને બતાવેલ છે. આપ (સ.અ.વ.) એ અમને પેશાબ-પાયખાને જતી વખતે કિબ્લાની દિશામાં બેસવાની મનાઈ ફરમાવે છે. અને અમને હુકમ આપેલ છે કે, જમણા હાથથી ઈસ્તિન્જા (તહારત, સફાઈ) ન કરવી જોઈએ અને ઈસ્તિન્જા કરવામાં ત્રણ પથ્થરથી ઓછા ન લેવા જોઈએ. તેમજ જાનવરોના મળ (લીંડી અથવા છાણ) અને હાડકાથી ઈસ્તિન્જા ન કરવું જોઈએ.

(સહીહ મુસ્લિમ ૧/૨૨૩ (૨૬૨) સુનન અબીદાઉદ ૧/૧૭ (૭) સુનનતિર્મિઝી ૧/૨૪ (૧૬) સુનન નસઈ ૧/૮ (૪૧) ઈબ્નેમાજહ ૧/૧૫ (૩૧૬))

એવી રીતે અલ્લાહતઆલાએ ઉમ્મતને એક એવો સંપૂર્ણ અને જામેઅ (સર્વગ્રાહી) દીન અતા ફરમાવેલ છે જેમાં કંઈપણ ખોટ નથી. જેમ કે અલ્લાહતઆલાનો ફરમાન છે કે, અલ્યૌમ-અકમલ્તુલકુમ-દીનકુમ-વઅત્મમ્તુઅલૈકુમ-નેઅમતી-વરઝીતુ-લકુમુલ ઈસ્લામ-દીના. (સુરએ માઈદહ :૩)

‘‘આજે અમોએ તમારા માટે દીનને સંપૂર્ણ કરી દીધેલ છે. અને તમારી ઉપર મારી નેઅમતો તમામ કરી દીધેલ છે. અને તમારા માટે ઈસ્લામને દીન (મઝહબ) તરીકે પસંદ કરી આપેલ છે.’’

## રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ સંપૂર્ણદીન ઉમ્મતને પહોંચાવી દીધેલ છે

રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ પોતાની ઉમ્મતની ખૈરખ્વાહી (ભલાઈ) અને દીન પહોંચાડવામાં જરા પણ ઢીલ નથી કરી પરંતુ પ્રમાણિકતાથી આ ફરજને અદા ફરમાવી હજ્જતુલ વિદાઅ (અંતિમ હજ) ના પ્રસંગે યાદગાર ખુત્બહ (પ્રવચન) માં

લોકોને સંબોધિત કરી ત્રણ વખત પૂછ્યું અલા ! હલ-બલ્લગ-તુ ? હે લોકો શું મે તબ્લીગ અને રિસાલતનો સંપૂર્ણ હક અદા કરી દીધો ? શું મેં તબ્લીગ રિસાલતનો હક અદા કરી દીધો ? શું મેં તબ્લીગ રિસાલતનો હક અદા કરી દીધો ? લોકોએ કહ્યું, હા. તો આપ (સ.અ.વ.) એ અલ્લાહને ગવાહ (સાક્ષી) બનાવી ત્રણ વખત ફરમાવ્યું, અલ્લાહુમ્મશ-હદ. હે અલ્લાહ તું ગવાહ રહેજે, હે અલ્લાહ તું ગવાહ રહેજે, હે અલ્લાહ તું ગવાહ રહેજે. (સુનનઈબ્નેમાજહ ૨/૧૦૧૫ (૩૦૫૫))

## કિતાબ (કુર્આન) અને સુન્નત (હદીષ) થી ઈદેમીલાદની સાબિતી પૂરવાર થતી નથી

હવે જયારે એ જાણ થઈ ગઈ કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના આ દુનિયામાંથી વિદાય થતાં પહેલા આ દીન (ઈસ્લામ) સંપૂર્ણ થઈ ગયું અને તેમાં કોઈપણ કમી અથવા ખોટ બાકી રહી નથી અને રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ પણ ઈમાનદારીથી આ દીનને ઉમ્મત સુધી પહોંચાવી દીધો અને સહાબહ (રિ.અ.) તથા અલ્લાહતઆલાને તેના ઉપર સાક્ષી પણ બનાવી લીધો. તો હવે સંપૂર્ણ દીન આવી ગયા બાદ કુર્આન, હદીષની રોશનીમાં એ સંશોધન કરી જોઈએ કે, આ મહીનામાં ઘણા લોકો ઈદેમીલાદુન્નબી (સ.અ.વ.) મનાવવાની જે વ્યવસ્થા કરે છે તો શરીઅતમાં તેની શું હૈસિયત (સ્થાન) છે ?

જો આપ કુર્આનમજીદનો શરૂઆતથી અંત સુધી અભ્યાસ કરશો તો એકપણ આયત દ્વારા ઈદેમીલાદુન્નબી મનાવવાની સાબિતી નહીં મળે. રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની નબુવ્વતની ૨૩ વરસની જિંદગીની સીરતેમુબારકહ આપનું જીવનચરિત્ર આપના કથન, આપના અમલ અને આપની તકરીરો અને ખુત-બહઓનું રીસર્ચ કરો. આપ તફસીર, હદીષ તેમજ સીરતના પુસ્તકોને ફંફોળો તો આપને કોઈપણ સહીહ સનદથી એ નહીં મળે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ પોતાના જીવનમાં પોતાના બર્થડેના સ્વરૂપમાં રબિઉલઅવ્વલ મહીનામાં ઈદેમીલાદ ઉજવી હોય અથવા તો આપ (સ.અ.વ.) એ તેમના માનનારાઓને તેને ઉજવવાનું હુકમ આપ્યું હોય.

જો ઈદેમીલાદુન્નબી શરીઅતનું કોઈ ભાગ હોત અને તેની કોઈ વિશેષતા હોત તો જેવી રીતે રમઝાનની અને શબેકદ્રની ફઝીલતો રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ બયાન કરેલ છે, તેવી રીતે રબીઉલઅવ્વલની પણ ફઝીલત બયાન કરી હોત.

રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ જેવી રીતે રમઝાનુલ મુબારકમાં નમાઝ, તરાવીહ, તિલાવતે કુર્આન, રાત્રે ઈબાદત કરવા માટે જાગવું વિ. ઈબાદતોની વ્યવસ્થા ફરમાવી હતી, એવી જ રીતે રબીઉલઅવ્વલમાં ઈદેમીલાદની પણ વ્યવસ્થા ફરમાવી હોત.

જેવી રીતે આપ (સ.અ.વ.) એ ઝિલહજ્જહ, મુહર્રમ અને શાબાનની ફઝીલતો બયાન ફરમાવી હતી તેવી રીતે રબીઉલઅવ્વલની ફઝીલતો પણ આપ (સ.અ.વ.) એ બયાન ફરમાવી હોત.

જો આ મહીનામાં ઈદિમીલાદુન્નબી મનાવવા જુલુસ કાઢવા, રોશની કરવામાં કોઈ અજ્ર ષવાબ હોત તો આપ (સ.અ.વ.) તેને જરૂર બયાન કરેલ હોત પણ જયારે નબી (સ.અ.વ.) થી જ કોઈ સાબિતી પૂરવાર થતી નથી તો તેનો સાફ મતલબ એ થયુ કે, ઈસ્લામી શરીઅતમાં તેની કોઈ ગણના નથી અને જે લોકો આ કામો શરીઅતના કામો ઠેરવી અજ્ર અને ષવાબના કામો બતાવે છે તો તેમનું કહેવું એ થયું કે, ઈસ્લામ મઝહબ અધૂરો હતો તેને અમે સંપૂર્ણ કરી રહ્યા છીએ. અને રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ ઘણા ખરા અજ્ર ષવાબના કામો ઉમ્મતના લોકોને નથી બતાવ્યા અને અમે તેને જાહેર કરીએ છીએ.

યાદ રાખો, એવી કલ્પના કરવી પણ ઈમાન, ઈસ્લામ વિરૂદ્ધની છે. કેમ કે, અલ્લાહતઆલાનો ફરમાન છે કે, વમાઆતાકુમુર્રસૂલુ ફખુઝૂહુ-વમાનહા-કુમઅન્નહુફન્તહુ. ''જે રસૂલ (સ.અ.વ.) એ તમને આપેલ છે તેને લઈ લો - અને જેનાથી તેઓએ મનાઈ ફરમાવી છે તેને કરવાથી રોકાઈ જાવ.''

આપ જાણો છો કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ ઈદે મીલાદ નથી મનાવી અને ન તો સહાબાઓને મનાવવા હુકમ આપી પ્રોત્સાહિત કર્યો એટલે મીલાદુન્નબી રસૂલુલ્લાહ (સ.અ.વ.) દ્વારા અર્પણ થયેલી નથી. માટે જે લોકો તેની (ઈદિમીલાદ) ની વ્યવસ્થા કરે છે તે લોકો રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના તરીકાને છોડી એક નવી વસ્તુ દીનમાં દાખલ કરી રહ્યા છે. જયારે કે કુર્આન અને ફરમાને રસૂલની અંદર દીનમાં નવી વસ્તુ દાખલ કરવાની સખત મનાઈ કરવામાં આવેલ છે.

અલ્લાહતઆલાનો ફરમાન છે કે, જે લોકો રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના ફરમાન અને હુકમોનો વિરોધ કરે છે તેવા લોકોને ડરવું જોઈએ, તેઓને કોઈ ફિતનહ અથવા કસોટીમાં સપડાવવામાં આવશે અથવા તો તેમની ઉપર દર્દનાક (ગંભીર) અઝાબ ઉતરશે. (સુરએ નૂર આ.નં. ૬૩)

એક બીજી જગ્યાએ અલ્લાહ ફરમાવે છે કે, અલબત્ત તમારા માટે રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના મુબારક જીવનચરિત્રમાં શ્રેષ્ઠ ઉદાહરણ છે તે લોકો માટે જે અલ્લાહ અને આખિરતના દિવસની તમન્ના રાખે છે તેમજ અલ્લાહને ખૂબ જ યાદ કરે છે. (સૂરએ અહઝાબ : ૨૧)

## દીનમાં નવી વસ્તુ દાખલ કરવાની મના છે

રસૂલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે કે, જે અમારા દીનની અંદર નવી વસ્તુ ઉપજાવી કાઢે (જે તેમાં નથી) તો તે નવી ઉપજાવી કાઢેલ વસ્તુ મર્દૂદ (રદબાતલ) અને કબૂલ થવા લાયક નથી. (સહીહબુખારી ૫/૩૦૧, સહીહ મુસ્લિમ ૩/૩૪૩ (૧૭૧૮) મુસ્નદ અહમદ ૬/૨૭૦ (૨૨૯૭))

એક બીજી હદીષમાં આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, તમે મારી સુન્નત અને તરીકાને અવશ્ય પકડી રાખો અને ત્યારબાદ મારા ખુલફાએ રાશિદીન (૪ ખલીફાઓ) ના તરીકાને જરૂર પકડી રાખો, તેને સારી રીતે (મજબૂત) પકડી રાખો અને દાંતોથી દબાવી ખૂબ જ મજબૂતીથી પકડી રાખો. અને દીનની અંદર નવી ઉપજાવી કાઢેલી વસ્તુઓથી દૂર રહો. તે એટલા માટે કે, દીનની અંદર દરેક

નવી વસ્તુ બિદઅત છે અને બિદઅત ગુમરાહી (ભટકાવી દેનારી) છે.

બિદઅતો અને નવા કામોની બુરાઈઓનો એટલો મોટો ગુનાહ છે તેમજ મુસલમાનના દીન ઈમાન માટે એટલો બધો નુકશાનકારક છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) સામાન્ય રીતે પોતાના દરેક ખુત્બાઓમાં તેને બયાન કરવાની વ્યવસ્થા કરતા હતા. અને હમેશા પોતાના ખુત્બાહમાં ફરમાવતા કે, ‘‘તેમા કોઈ શંકા નથી કે, સૌથી શ્રેષ્ઠ વાત અલ્લાહની કિતાબ (કુર્આન) છે અને સૌથી શ્રેષ્ઠ તરીકો હઝરત મુહમ્મદ (સ.અ.વ.) નો તરીકો છે, અને તમામ કામોમાં સૌથી ખરાબ કામો એ છે કે, જે દીનમાં નવા ઉપજાવી કાઢયા હોય અને દીનમાં ઉપજાવેલી દરેક નવી વસ્તુ બિદઅત છે અને દરેક બિદઅત (ગુમરાહી) (ભટકાવનારી) છે અને ગુમરાહી જહન્નમમાં લઈ જનારી છે.’’ (સહીહ મુસ્લિમ ૨/૫૯૨ (૮૬૭) ઈબ્નેમાજહ ૧/૧૭ (૪૫))

## સહાબાઓએ ઈદેમીલાદ શા માટે નથી મનાવી ?

સહાબા રિઝવાનુલ્લાહ અલૈહિમ અજમઈન કે, જેમને રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના ફરમાનોનું સૌથી વધુ જ્ઞાન (જાણકારી) હતું, અને સૌથી વધુ આપ (સ.અ.વ.) ને મોહબ્બત કરનારા તેમજ ઈસ્લામી શરીઅતનું સૌથી વધુ ચુસ્ત રીતે પાલન કરનારા હતા. તેઓએ કદી પણ ઈદેમીલાદ મનાવવાની વ્યવસ્થા કરી ન હતી, કયારેય જુલૂસ કાઢયું નથી, ન તો ૧૨ રબીઉલઅવ્વલે રોશની કરી અને ન તો કોઈ જશન મનાવ્યું. એવું શા માટે? શું તેમના યુગમાં રબીઉલઅવ્વલનો મહીનો આવતો ન હતો? અથવા તેમને આજના ઈદેમીલાદ મનાવનારાઓ માફક રસૂલ (સ.અ.વ.) થી મોહબ્બત ન હતી? હા-શા-વ-કલ્લા. (આવું બને જ નહીં) એવું જરાય નથી કેમ કે, સહાબહ (રઝિ.) કરતા વધીને આપ (સ.અ.વ.) થી મોહબ્બત કરનાર કોઈ હતો જ નહીં. તેઓએ તો આપ (સ.અ.વ.) થી મોહબ્બત પોતાના જીવ અને પોતાના સ્ત્રી બાળકો અને પોતાના મા-બાપ કરતા વધુ કરી હતી.

રસૂલુલ્લાહ (સ.અ.વ.) નું ફરમાન છે કે, કોઈ (મુસલમાન) ત્યાં સુધી મોમિન નથી થઈ શકતો જયાં સુધી કે હું (મુહમ્મદ સ.અ.વ.) તેની નજરમાં તેના બાપ અને પુત્રો (ઔલાદ) તેમજ સમગ્ર લોકોથી વધારે પ્રિય ન બની જાઉં અને હમેશા તેમની નજર સમક્ષ રહું.

(સહીહ બુખારી ૧/૫૮ (૧૫) સહીહ મુસ્લિમ ૧/૬૭ (૭૦)

હઝરતઅલી (રઝિ.) પોતાની જાનની પરવાહ કર્યા વગર હિજરતની રાત્રે આપ (સ.અ.વ.) ની પથારીમાં સૂઈ ગયા હતા, હઝરત અબૂબકર (રઝિ.) એ જેવી રીતે આપને સાથ આપી ગારેષૌરમાં આપને આરામ આપવાની સગવડ કરી હતી અને ઓહદ વિ. યુદ્ધ વખતે સહાબાઓએ સમર્પણ થવાની મર્દાનગી દેખાડી હતી અને હુદૈબિયહ કરાર વખતે મોહબ્બત/બલિદાન અને ફીદા થઈ જવાના જે અદ્‌ભુત કારનામાઓ કરી બતાવ્યા હતા કે, જેનાથી વિરોધીઓ પણ પ્રભાવિત થતા હતા તે તમામ ગાથાઓ ઈસ્લામી ઈતિહાસમાં આલેખાયેલ છે. એ જ પ્રમાણે હઝરત

અબુબકર (રઝિ.) હઝરત ઉસમાન (રઝિ.) તેમજ અન્ય માતબર સહાબાઓએ ધનદૌલત સમર્પિત કરવાના જે દાખલાઓ બેસાડયા છે તે પણ ઈતીહાસના પાનાઓમાં સોનેરી અક્ષરે આલેખાયેલ છે. અત્રે એક સવાલ પૈદા થાય છે કે, આ તમામ જાન અને માલ સમર્પણ કરનારા સહાબાઓએ શા માટે આપની વિલાદત (ઈદે-મીલાદુન્નબી) નો ઉત્સવ ઉજવ્યો નહીં ? ત્યાં સુધી કે, હઝરત અબુબક્ર, હઝરત ઉમર (રઝિ.) તો આપના સસરા હતા, અને હજરત ઉસમાન (રઝિ.) તેમજ હઝરત અલી (રઝિ.) તો આપના જમાઈ હતા, અને હઝરત ફાતિમહ (રઝિ.) તો આપની વ્હાલસોયી પુત્રી હતી, હઝરત આઈશહ (રઝિ.) અને હઝરત હફસહ (રઝિ.) તો આપની પવિત્ર પત્નીઓ હતી તેમજ હઝરત હસન (રઝિ.) અને હઝરત હુસૈન (રઝિ.) આપના નવાસા હતા.

શું તેઓને આપ (સ.અ.વ.) થી એવી મોહબ્બત ન હતી જેવી મોહબ્બત આજે ઈદેમીલાદુન્નબી મનાવનારાઓને છે ? અથવા એ કે, તેઓએ તેને બિદઅત અને શરીઅત વિરૂદ્ધનો અમલ સમજી તેમ કરવાથી દૂર રહ્યા, અથવા એમ કે રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ પોતાના જીવનમાં કયારેય વિલાદતનો ઉત્સવ (Birthday) મનાવ્યો ન હતો અને ન તો કોઈને મનાવવા માટે હુકમ આપી પ્રોત્સાહિત કર્યો હતો. તેમજ પોતાની તરફથી કોઈ સંકેત પણ સૂચવ્યો ન હતો. એટલા માટે તેઓએ લકદ-કાન-લકુમ-ફી-રસૂલિલ્લાહિ-ઉસ્વતુન-હસનહ (અલ્અહઝાબ ૨૧) ઉપર અમલ કરી એ રીતના ઉત્સવ મનાવવાની વ્યવસ્થા કરી ન હતી. અને ચોક્કસ ઉપર આલેખાયેલી આખરી વાત જ દુરસ્ત છે.

એટલા માટે જયારે નબુવ્વતના યુગમાં, ખુલફાએ રાશિદીનના યુગમાં, સહાબાઓના યુગમાં તેમજ સહાબાઓના તાબેદારો તાબેઈનના યુગમાં, ચારેય ઈમામોના યુગમાં તેનો અસ્તિત્વ જ ન હતો, તેમજ અમારા અસ્લાફ (પૂર્વજો) એ પણ કયારેય આ ઉત્સવ નથી મનાવ્યો તો ચોક્કસ આ ગુનાહિત બિદઅત છે. માટે તમામ મુસલમાનોએ તેમ કરવાથી બચવું જોઈએ.

આજે જે લોકો ૧૨, રબીઉલઅવ્વલની રાત્રે મીલાદુન્નબીનો ઉત્સવ મનાવી રાત્રે ખૂબ જ રોશની કરે છે અને જુલૂસો કાઢે છે, છાપાઓ-પોસ્ટરો તેમજ બીજા માધ્યમો દ્વારા જોરશોરથી તેનો પ્રચાર કરે છે. તેઓને એ સાબિત કરવું જોઈએ કે, સરકારે દોઆલમ (સ.અ.વ.) એ એવી રીતે એલાન કરવાનું સૂચન કર્યું છે ? તેમજ આપ (સ.અ.વ.) અને તેમના સહાબાઓએ આ ઉત્સવ ઉજવ્યો છે ?

## ઈદેમીલાદ એ ફાતેમી (શિયાવર્ગ) ની સ્થાપના છે

ભરોસો રાખો કે, ઈદેમીલાદુન્નબી (સ.અ.વ.) ના ઉત્સવના સબૂત (સાબિતી) રસૂલુલ્લાહ (સ.અ.વ.) તેમજ તેમના સહાબાઓ (રઝિ.અ) થી કયારેય પણ પૂરવાર નહીં થઈ શકે. કેમ કે, તેની સ્થાપના સૌપ્રથમ ફાતેમીઓ (શીયાઓનો એક વર્ગ) એ કરી છે. અમુક લોકોનું કહેવું છે કે, તેનો સ્થાપક મુલ્લા ઉમર બિનમુહમ્મદ હતો અને તેની શરૂઆત સંપૂર્ણ દીનના સતયુગના સૈકાઓ બાદ

હી. સન ૬૦૪માં થઈ. ત્યારબાદ તેને ઈરાકના અર્બલ શહેરના વૈભવવિલાસી હાકેમ અબુસઈદ અલીબિન સુબકતગીને વિધિવત રસમ બનાવી. જે મુઝફ્ફરૂદીનના નામે ઓળખાતો હતો. ખુલાસો એ કે, આ બિદઅતની સ્થાપના ઈસ્લામી સતયુગના ઘણા સૈકાઓ પછી થઈ અને તેની કોઈ ફઝીલત કુર્આન, હદીષમાં આલેખાયેલ નથી. તેમજ તેમાં કોઈ અજ્ર અને ષવાબ પણ નથી.

## ઈદેમીલાદથી થતા નુકસાનો

ફકત એટલું જ નહીં કે, ઈદેમીલાદનો કોઈ ફાયદો અથવા સાબિતી નથી પણ તેની ફઝીલત અજ્ર અને ષવાબ મળવાનું પણ શરીઅત દ્વારા પ્રમાણિત થતું નથી. અલબત્ત તેનાથી દીન અને દુનિયાના ઘણા નુકસાનો છે. જેમાંથી અમુક આ પ્રમાણે છે.

૧) **બિદઅતનો પ્રકાર :** ઈદેમીલાદ કરનારાઓ બિદઅતનો સ્વીકાર કરે છે અને બિદઅત વિશે અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કે, કુલ્લુ બિદઅતિન ઝલાલહ-વકુલ્લુઝલાલતિનફિન્નાર. (સહીહમુસ્લિમ ૨/૫૯૨ (૮૬૭) ઈબ્નેમાજહ ૧/૧૭ (૪૫)

દરેક બિદઅત ગુમરાહી છે અને દરેક ગુમરાહી જહન્નમમાં દાખલ કરનારી છે. એટલા માટે જ અલ્લાહમહ અહમદ બસરી તેમની કિતાબ અલ્કૌલુલ્મુઅતમદમાં ફરમાવે છે કે, ચારેય મઝહબના ઉલમાઓ મીલાદના અમલને વખોડી કાઢવામાં સહમત છે.

૨) **ઈસાઈઓની સાથે સમાનતા :** એ લોકો ઈસાઈઓની સાથે સમાનતા સાધનારાઓ છે. કેમ કે, જેવી રીતે ઈસા (અ.સ.) નો જન્મદિન ક્રિસ્મસ-ડે તહેવાર રૂપે મનાવવામાં આવે છે એવી જ રીતે મુસલમાનોનો એક વર્ગ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની જન્મતારીખે ઈદેમીલાદ મનાવે છે. પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ યહૂદી, નસરાની તેમજ અજમી (ગૈરઅરબ) મુશરિકોની સમાનતા ધારણ કરવાની મનાઈ ફરમાવેલ છે. ફરમાન છે કે, મનતશબ્બહ-બિકૌમિન-ફહુવ-મિનહુમ. (મુસ્નદઅહમદ ૨/૫૦ સુનન અબીદાઉદ ૪/૩૧૪) (૪૩૧) જે (મુસલમાન) અન્ય કૌમની સમાનતા ધારણ કરે તે તેમનામાંથી જ છે. અને અલ્લાહતઆલા ફરમાવે છે કે, ''અને જે હિદાયત જાહેર થઈ ગયા પછી રસૂલુલ્લાહ (સ.અ.વ.) વિરૂદ્ધ (અમલો) કરશે તેમજ ગૈરમોમિનોનું માર્ગ (પ્રથાઓ) અખત્યાર કરશે અમે તેને તેના જ માર્ગ ઉપર જવા દેશું કે જે ઈસ્લામથી વિમુખ થઈ તેણે અપનાવેલ છે. ત્યારબાદ તેને જહન્નમમાં દાખલ કરી દેવાશે જે ઘણી જ ખરાબ જગ્યા છે. (સુરએ અન્નિસાઅ ૧૧)

૩) **રસૂલુલ્લાહની શાનમાં અતિરેક :** ઈદેમીલાદની મજલિસોમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની શાનમાં અતિરેક કરવામાં આવે છે. અને નબી (સ.અ.વ.) ને એવા ગુણોથી નવાઝવામાં આવે છે, જેમનો કોઈ સચોટ પુરાવો નથી. તેમાં ઘણી જ શિર્ક અને કુફ્રની વાતો કહેવામાં આવે છે અને નબી (સ.અ.વ.) ને તે તેમના નબુવ્વત,

રિસાલતના સ્થાનથી ઉપાડી ઉલુહિય્યત અને રૂબૂબિય્યત (પૂજ્ય-નિર્માણ) ના માલિક બનાવી દેવામાં આવે છે. અને આપ (સ.અ.વ.) થી જુદી જુદી વસ્તુઓ માટે દરખાસ્ત કરવામાં આવે છે. જ્યારે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ સખ્તાઈથી તેમ કરવાની મનાઈ ફરમાવેલ છે.

નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું, જેવી રીતે નસારાઓએ ઈસા-બિન-મર-યમ વિશે અતિરેક કરી તેમની હદથી વધારે (અનહદ) આગળ વધાવી દીધેલ છે. એવી રીતે તમે લોકો મારો સ્થાન (મારો મર્તબો) હદથી વધારે આગળ વધારશો નહીં. મારા સંબંધમાં અતિરેક દાખવશો નહીં. હું અલ્લાહનો બંદો છું, એટલા માટે મને અલ્લાહનો બંદો અને તેનો રસૂલ જ કહેશો. તેને અલ્લામહ હાલી (રહ.) તેમની શાયરીમાં એવી રીતે વર્ણન કરેલ છે કે,

**તુમ ઔરોં કે માનિન્દ ધોકા ન ખાના, કિસી કો ખુદા કા ન બેટા બનાના.**

**મેરી હદસે રૂત્બહ ન મેરા બળ્હાના, બળ્હા કર બહુત તુમ ન મુઝકો ઘટાના.**

**સબ ઈન્સાન હૈં જિસ તરહ વાં સરફગન્દહ, ઈસી તરહ હું મૈં ભી એક ઉસ્કા બન્દહ.**

એક બીજી હદીષમાં આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કે, તમે લોકો દીનની અંદર અતિરેક કરવાથી બચતા રહેજો. કેમ કે તમારી પહેલાની ઉમ્મતો દીનમાં અતિરેક કરવાને કારણે બરબાદ થઇ હતી. (મુસ્નદ અહમદ ૧/૨૧૫, ૩૪૭ અન્નસઈ ૨/૪૨ (૩૦૫૯) ઈબ્ને માજહ ૨/૧૦૦૮ (૩૦૨૯)

પરંતુ અફસોસ ! આજે મુસલમાનોએ આપના હુકમોને પીઠ પાછળ ધકેલી દીધેલ છે. અને યહૂદીઓ ઈસાઈઓના તરીકાઓ અપનાવી દીનમાં અતિરેક કરતા થઇ ગયા છે અને રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની શાનમાં અનહદ અતિરેક કરવાની કબાહત (બુરાઈ) તેઓમાં પેસી ગઈ છે. અને પોતાની બરબાદીનો સરંજામ સ્વયં પોતાના હાથે તૈયાર કરવા લાગ્યા છે.

**૪) રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની તશરીફઆવરી (આગમન) ની માન્યતા અને તાઝીમ (અદબ) માટે ઊભા થવું :** મીલાદની મહેફિલોમાં લોકો એવો અકીદો (માન્યાતા) રાખી કિયામ કરે છે (ઊભા થાય છે) કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) સ્વયં પોતે પધારે છે. જો કે, આ અકીદો શરીઅતની મૂળભૂત માન્યતાથી તદ્દન વિરૂદ્ધ છે. કેમ કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) નું પવિત્ર શરીર આપ (સ.અ.વ.) ની વફાત બાદ આપના રોઝએ મુબારકમાં છે અને કયામત સુધી તેમાં જ રહેશે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, પછી તમે લોકો ત્યારબાદ મરી જવાના છો અને ફરી કયામતના દિવસે બીજીવાર ઉઠાડવામાં આવશે. (અલ્મુઅમિનૂન આયત નં. ૧૫/૧૬)

અને રસૂલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે કે, હું કયામતના દિવસે આદમની ઔલાદનો સરદાર હોઈશ અને સૌથી પહેલાં મારી કબ્ર ખુલશે અને હું સૌથી પહેલો શફાઅત (ભલામણ) કરનારો હોઈશ. અને સર્વપ્રથમ મારી શફાઅત કબૂલ કરવામાં આવશે. (સહીહમુસ્લિમ ૪/૧૭૮૨ (૨૨૭૮)

વળી એ તો વિચાર કરો કે મીલાદ કરનારાઓ એક જ સમયે ઠેકઠેકાણે મીલાદની મજલિસો ગોઠવતા હોય છે. હવે જો રસૂલુલ્લાહ (સ.અ.વ.) દરેક મીલાદની મજલિસમાં પધારતા હોય તો એ બતાવો કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના

કેટલા શરીર છે ? અને કેટલી રૂહો છે ? કે એક જ સમયે આપ (સ.અ.વ.) દરેક મીલાદની મજલિસમાં શામેલ થઈ જાય છે ? તેનાથી તો રસૂલુલ્લાહના માટે અસંખ્ય રૂહો અને શરીરોનો વજૂદ હોવાની આવશ્યકતા રહે છે જે વાસ્તવિક રીતે ખોટી કલ્પના છે. જેનો ખોટું હોવું દરેક સમજદાર બુદ્ધિશાળી સમજી શકે છે. કહેવાનો હેતુ એ છે કે, અલ્લાહ સિવાય કોઈના માટે તાઝીમ અદબ આદર ખાતર ઊભા થવું જાઈઝ નથી. અલ્લાહતઆલા ફરમાવે છે કે, વકૂમૂ-લિલ્લાહિ-કાનિતીન. (સૂરએ બકરહ) ફકત અલ્લાહના માટે જ અદબ સાથે કિયામ કરો. (ઊભા થાવ)

અને રસૂલુલ્લાહ (સ.અ.વ.) પણ પોતાની મુબારક ઝિન્દગીમાં સહાબાઓને પોતાના આદર/સન્માન માટે ઊભા થવાની મનાઈ ફરમાવતા હતા. જેમ કે, અબુ ઉમામહ (રઝિ.) થી રિવાયત છે કે, એક વખત રસૂલુલ્લાહ (સ.અ.વ.) પોતાના હાથમાં લાકડી લઈને અમારી પાસે સમૂહમાં આવ્યા. અમે આપ (સ.અ.વ.) ને જોઈને ઊભા થઈ ગયા. તો આપ (સ.અ.વ.) એ નારાજ થઈને ફરમાવ્યું કે, જેવી રીતે અજમી (ગૈરઅરબ) લોકો એકબીજાના આદર-અદબ માટે ઊભા થતા હોય છે એવી રીતે તમે લોકો મને જોઈને ઊભા ન થાવ.

(મુસ્નદ-અહમદ ૫/૨૫૩ અબૂદાઉદ ૫/૩૯૮ (૫૨૩૦)

હઝરત અનસ (રઝિ.) ફરમાવે છે કે, અમને રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની સાથે સૌથી વધારે મોહબ્બત હતી. પરંતુ અમને ખબર હતી કે આપ (સ.અ.વ.) ને જોઈને ઊભા થવું આપને જરાય પસંદ નથી અને તેમ કરવાની મનાઈ ફરમાવી હતી એટલા માટે આપ (સ.અ.વ.) ને જોઈ ઊભા થતા ન હતા.

(જામિઉત્તિર્મિઝી) ૫/૯૦ (૨૭૫૪)

પ્રથમ ખલીફહ હઝરત અબુબકર સિદ્દીક (રઝિ.) એકવાર મજલિસમાં આવ્યા તેમને જોઈને એક માણસ તેમનો સન્માન કરવા ખાતર ઊભો થયો તો આપ (રઝિ.) નારાજ થઈ બોલ્યા ઈન્નન્નબિય્ય (સ.અ.વ.) નહા અન-ઝા. અર્થાત રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ આમ કરવાની મનાઈ ફરમાવે છે.

(રવાહુ અબુદાઉદ ઈસ્લામી ખુતબાત ૧/૬૫૪)

એક વખત હઝરત અમીર મુઆવિયહ બહાર નીકળ્યા, તો ત્યાં બે માણસો ઈબ્બાનબિનઝુબૈર તેમજ ઈબ્ને આમિર હતા આપ (રઝિ.) ને બહાર નીકળતા જોઈ ઈબ્નેઆમિર સન્માન આપવા ઊભા થઈ ગયા અને ઈબ્નેઝુબૈર બેઠા રહ્યા. આ પરિસ્થિતિ જોઈ હઝરત મુઆવિયહએ ઈબ્નેઆમિરને કહ્યું, બેસી જાવ, કેમ કે મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.) ને બોલતાં સાંભળેલ છે કે, જેને એ વાત પસંદ હોય કે લોકો તેના માટે ઊભા થાય અથવા તેની સામે ઊભા રહે તો તે માણસ પોતાનું ઠેકાણું જહન્નમની આગમાં બનાવી લે. (રવાહુઅબૂદાઉદ ૫/૩૯૮ (૫૨૨૯)

તિર્મિઝી ૫/૯૦ (૨૭૦૦) ( આ હદીષ હસન છે)

**આ માન્યાતા વિશે એક બીજા દ્રષ્ટિકોણથી વિચાર કરીએ,** રસૂલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાના અમૂક ફરિશ્તાઓ જમીન ઉપર ફરતા હોય છે અને મારી ઉમ્મતના દરૂદ-સલામ મારી પાસે પહોંચાડે છે. (મુસ્નદઅહમદ

૧/૩૮૭-૪૪૧-૪૫૨, સુનન નસઈ ૧/૧૫૦ બાબુત્તસ્લીમિઅલન્નબિય્ય (૧૨૮૩) સુનન દારમી ૨/૩૧૭ કિતાબુર્રકાઈક બાબફીફ ઝલિસ્સલાતિ અલન્નબિયમ (સ.અ.વ.).

ઉપરોકત હદીષથી માલૂમ થયું કે, અલ્લાહ-તઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની ઇઝ્ઝત વધારવા એવા ફરિશ્તાઓ મુકર્રર કરેલ છે જે સમગ્ર દુનિયામાંથી દુરૂદ અને સલામની ભેટસોગાદો આપ (સ.અ.વ.) ની પાસે પહોંચાવતા રહે છે. પણ લોકોએ આપ (સ.અ.વ.) ની કેવી ઇહાનત (માનહાની) કરી કે એવી માન્યતા રાખવા લાગ્યા કે રસૂલુલ્લાહ (સ.અ.વ.) દરેક જગ્યાએ હાજરી આપે છે. એવી રીતે આપને સેવા લેનારના બદલે સેવક બનાવી દીધો. અને પછી એવી વાહિયાત માન્યતા રચી લીધી કે, અમુક સિક્કાઓના પતાસા મંગાવી અમૂક મુલ્લાઓને જમા કીર લેશું અને મીલાદની મહેફિલ રચી રસૂલુલ્લાહ (સ.અ.વ.) ને બોલાવી લેશું. પછી ભલે ને મનફાવે તેવી બિદઅતો, બુરાઈઓ તે મહેફિલમાં આચરાતી હોય, તેમજ તેમાં મર્દોની સાથે ઔરતો પણ સંયુકત રીતે શામેલ થતી હોય અને શરીઅત વિરૂદ્ધ વાતો હોય તો પણ આપ (સ.અ.વ.) તેમાં જરૂર પધારશે. (ઇન્ના-લિલાહિ વઇન્ના-ઇલૈહિરાજીઉન)

**૫) ખોટી રિવાયતો અને તથાકથિત કિસ્સાઓનું વર્ણન :** ઈદેમીલાદની આવી મજલિસોમાં સામાન્ય રીતે ખોટી અને આપમેળે બનાવેલી રિવાયતો હદીષો બયાન કરવામાં આવે છે અને તથાકથિત કિસ્સાઓ ઘટનાઓ બયાન કરવામાં આવે છે. આવા જૂઠા બનાવી કાઢેલા કિસ્સાઓનું આછો નમૂનો જોવું હોય તો રસૂલેરહમત પુસ્તકના પાના નં. ૨૮-૫૮ ઉપર મૌલાના અબુલ્કલામ આઝાદ રહ. નો લેખ વાંચી લેશો. જો કે, એવી રિવાયતો વિશે રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ તદ્દન સાફ શબ્દોમાં ફરમાવી દીધેલ છે કે,

માણસને જૂઠો બનવા માટે એટલું પૂરતું છે કે દરેક સાંભડેલી વાતો બયાન કરે. (રવાહુમુસ્લિમ ૧/૧૦ (૫))

હઝરત ઉમર બિન ખત્તાબ અને અબ્દુલ્લાહ બિનમસઉદનો બયાન છે કે, માણસને જૂઠ બોલવા માટે એટલું પૂરતું છે કે જે કંઈ સાંભળે તેને બયાન કરી દે. (રવાહુમુસ્લિમ ૧/૧૧)

અન્ય એક હદીષમાં અલ્લાહનાં રસૂલ (સ.અ.વ.) ફરમાવે છે કે, જે મારા ઉપર ખોટું, જૂઠું બોલે અને મારા વતી એવી વાત બયાન કરે જે મેં નથી બયાન કરી એવો માણસ પોતાનો સ્થાન જહન્નમમાં બનાવી લે.

(બુખારી ૧/૨ (૩૦) મુસ્લિમ ૪/૨૨૯ (૩૦૦૪) અબૂદાઉદ ૪/૬૩ (૩૬૫૧)

**૬) ફરજિયાત ઈબાદતો છૂટી જવી :** મીલાદુન્નબીના જલ્સા જુલૂસના લીધે ઘણા લોકો ફરજ અને વાજિબ ઈબાદતોને છોડી દે છે અને નમાઝ વિ. ને એકબાજુ મૂકી દઈ સ્ટેજ, ગેઈટ, થાંભલાઓ વિ. સજાવવા તેમજ લાઇટ ડેકોરેશન, જૂલૂસની તૈયારીઓમાં મશગુલ રહે છે. જે ઘણી જ નુકસાનદાયક બીના અને મોટો ગુનાહ છે.

**૭) સ્ત્રીપુરૂષોનો મેળાવડો :** મીલાદુન્નબીના જૂલુસોમાં અને મેહફિલોમાં મર્દો ઔરતો શામેલ હોય છે જેના કારણે બેશરમી બેહયાઈનો બજાર ગરમ હોય છે. અને

શરાફત - તેમજ શુદ્ધ ચારિત્રના લીરા ઉડતા નજર આવે છે.

૮) **બેન્ડવાજાનો ઉપયોગ :** ઈદેમીલાદના ઘણા જૂલૂસોમાં બેંડવાજા તેમજ અન્ય અમાન્ય સાધનોનો ઉપયોગ થાય છે જે શીરઅતના મિજાજથી મેળ નથી ખાતા અને કુર્આન તેમજ નબી (સ.અ.વ.) એ તેના પર પ્રતિબંધ ફરમાવ્યું છે છતાં પણ લોકો અજ્ર અને ષવાબ સમજી આવી હરામ વસ્તુઓનો ઉપયોગ કરતા હોય છે.

૯) **ખોટો ખર્ચ અને ધન વેડફવું :** આ જલ્સાઓમાં અઢળક ખોટો ખર્ચ કરવામાં આવે છે અને ખોટો ખર્ચ કરનારા શૈતાનના ભાઈ છે !

(સુરએ-ઈસરાઅ ૨૭)

૧૦) **ઈદેમીલાદમાં રાજકારણ :** આ ઈદેમીલાદના જૂલૂસને આજે એક રાજકારણીય કાર્ય બનાવી લેવામાં આવ્યું છે. ઘણા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ઈદેમીલાદના જલ્સા જૂલૂસનું નેતૃત્વ કોઈ રાજકારણી લીડર મહાશયને સોંપાય છે તેમની સરભરા પાછળ એક તગડી રકમ ખર્ચ કરી નાખવામાં આવે છે. અને આ મહાશયના મોઢે પૈગમ્બર સાહેબના જીવનચરિત્ર બાબતના પ્રશંસનીય શબ્દો તેમજ મુસ્લિમો વિશે હમદર્દીના ઠાલા શબ્દો સાંભળી આમ મુસ્લિમો એમ સમજે છે કે આ તો અમારા ખૂબ જ હિતેચ્છુ લાગણીશીલ લીડર છે. જો અમે તેમને વોટ (મત) આપીશું તો અમારી સમસ્યાઓનું નિરાકરણ થશે. જો કે વાસ્તવમાં એવું ભાગ્યે જ બને છે - ચુંટણી પછી આ મહાશયને ન તો મુસ્લિમો યાદ રહે છે ન તેમની સમસ્યાઓ.

વાચકમિત્રો ! રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની (સીરત) જીવનચરિત્રને મોસમી ન બનાવો. આપ (સ.અ.વ.) ની જિંદગીના હાલ સાંભળવા તથા પઢવામાં કોઈ વાંધો નથી પણ આપ (સ.અ.વ.) ની સત્યસીરત એટલી સાંભળો કે જેથી જેટલું સાંભળીએ તેટલું અમલ થઈ શકે. આપના જીવનનો એક એક પ્રસંગ આપણી નજરો સામે રહેવું જોઈએ અને તે પ્રમાણે જ આપણું અમલ હોવું જોઈએ. પરંતુ તેને એક નક્કી દિવસે અને નક્કી મહિનામાં જ જાણવા તેમજ બયાન કરવા ને ખાસ ન બનાવો, કારણ કે રસૂલ (સ.અ.વ.) ની સીરતને પઢવું એ મોસમી વસ્તુ નથી.

એવી જ રીતે હમેશા સુન્નત તરીકાનું દરૂદ સલામ (આપ સ.અ.વ.) ને મોકલવું જોઈએ તેના માટે પણ કોઈ ચોક્કસ દિવસ નક્કી નથી પરંતુ પૂરો વરસ દરેક ટાઈમે વારંવાર પઢવું જોઈએ. કેમ કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે કે, જે મારા ઉપર એક વખત દરૂદ મોકલશે અલ્લાહ તેની ઉપર દશ રહમતો ઉતારશે. (મુસનદ-અહમદ ૩/૧૦૨ સહીહમુસ્લિમ ૧/૩૦૬ અબુદાઉદ ૨/૧૮૪ તિર્મિઝી ૨/૩૫૫)

કુર્આનશરીફમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, ‘‘નિઃશંક અલ્લાહતઆલા અને તેના ફરિશ્તાઓ નબી (સ.અ.વ.) ઉપર દુરૂદ મોકલે છે, હે ઈમાનવાળાઓ તમે પણ તેમની ઉપર દુરૂદ સલામ મોકલો. અલ્લાહુમ્મ-સલ્લિ-વસલ્લિમ-અલૈહિ. અલ્લાહ-તઆલા સહીહ દીન હાસલ કરવાની હિદાયત અતા ફરમાવે. આમીન.

# મોહબ્બતે રસૂલ (સ.અ.વ.)

રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની સાથે મોહબ્બત રાખવી દરેક મુસલમાન ઉપર વાજિબ અને જરૂરી છે, કેમ કે તેના વિના કોઇ મુસલમાન થઇ શકતો નથી.

હઝરત અબૂહુરૈરહ (રઝિ.) ફરમાવે છે કે, ''રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, તે હસ્તીના સોગંદ જેના હાથમાં મારી જાન (જીવ) છે તમારામાંથી કોઇ મોમિન થઇ શકતો નથી, જ્યાં સુધી હું તેને તેના બાપ અને બેટાઓ (ઔલાદ) કરતાં વધુ પ્રિય ન હોઉં.'' (બુખારી ૧/૫૮) (૧૪)

હઝરત અનસ (રઝિ.) ની બીજી રિવાયતમાં છે કે, ''કોઇ બંદો ત્યાં સુધી મોમિન નથી બની શકતો, જ્યાં સુધી હું (હ. મુહમ્મદ સ.અ.વ.) તેને તેના માલસામાન (દૌલત) તેના બાપ-બેટાઓ તેમજ તમામ લોકો કરતાં પ્રિય ન બનું.''

(સહીહ મુસ્લિમ ૧/૬૭ (૪૪)

એટલે કે, જ્યાં સુધી કોઇના દિલમાં અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.) ની સાથે મોહબ્બત બીજાની સાથે મોહબ્બતની સરખામણીમાં સર્વોપરી ન હોય ત્યાં સુધી તેને ઇમાનની લિજ્જત અને તેની મીઠાશ હાસલ નહીં થાય.

રસૂલુલ્લાહ (સ.અ.વ.) નો ફરમાન છે કે, જે વ્યકિતમાં ત્રણ વસ્તુઓ સમાયેલી હશે, તેને ઇમાનની લિજ્જત અને મીઠાશ મળશે. (૧) તેની નજરમાં અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.) સૌથી વધુ પ્રિય હોય, (૨) તે કોઇની સાથે મોહબ્બત રાખે તો ફકત અલ્લાહ માટે મોહબ્બત રાખે, (૩) ત્રીજી વસ્તુ એ કે, તે કુફ્રથી છૂટકારો મેળવ્યા બાદ ફરીવાર તેની તરફ પાછા વળવા (વિચાર માત્ર) થી એવી નફરત કરે જેવી રીતે આગમાં કૂદી પડવાને નાપસંદ કરે છે.

(સહીહ મુસ્લિમ ૧/૬૬)

એટલા માટે દરેક મુસલમાનનો દિલ અલ્લાહ અને તેના રસૂલની મોહબ્બતમાં તરબોળ હોવું જોઇએ, પરંતુ અહીં સવાલ એ છે કે, એવી કઇ અસલી મોહબ્બત છે કે જેને ઇમાનનો એક ભાગ કહેવામાં આવેલ છે ? અને જેના વિના કોઇ વ્યકિત મુસલમાન નથી બની શકતો ? શું તેના માટે મનફાવે તે અમલને મોહબ્બતે રસૂલ કરાર આપી શકાય ? અથવા તો તેનો કોઇ તરીકો, કોઇ માપદંડ અથવા કોઇ નિશાની કિતાબ અને સુન્નતમાં જણાવવામાં આવેલ છે ?

રસૂલુલ્લાહ (સ.અ.વ.) સાથે સાચી મોહબ્બત આપની તાબેદારી છે. જેમ કે આપનો ફરમાન છે કે, ''જે મારી સુન્નત (રસૂલના ફરમાનો) ની સાથે મોહબ્બત રાખે તેને મારી સાથે મોહબ્બત છે. અને જેને મારી સાથે મોહબ્બત હોય તે જન્નતમાં મારી સાથે હશે.'' (મિશ્કાતુલ મસાબીહ ૧/૬૨ તુહફતુલઅહવઝી ૩/૩૭૯)

ઉપરોકત હદીષો દ્વારા સાફ માલૂમ પડયું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની સુન્નતો અને આપની હદીષોની સાથે મોહબ્બત રાખવી અને તેને જીવનકર્મ

બનાવવું, તેનો અભ્યાસ કરવો, તેની તાલીમ આપવી, અને તેની ઉપર સ્વયં અમલ કરી બીજાઓને પણ અમલ કરાવવા પ્રોત્સાહિત કરવું અને તેનો પ્રચાર/પ્રસાર કરવા મહેનત કરવી એ જ આપની સાથે મોહબ્બત કરવી છે અને આપની સુન્નતો સાથે મોહબ્બત કરનારને જન્નતમાં આપની નિકટતા મેળવવાનો લ્હાવો મળશે.

અને જો કોઇ આપની હદીષ મુબારક અને આપની સુન્નતોની સાથે પ્રેમ નથી કરતો પણ તેનાથી વિપરીત આપ (સ.અ.વ.) ના ફરમાનોને છોડી દઇ બીજાના કોલ, કથન ઉપર અમલ કરે છે અને દીનમાં નવા ઘડાયેલા અમલો સાથે મોહબ્બત કરે છે તેવો માણસ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ને ચાહવામાં સાચો નથી (દંભી છે) એક અરબી શાયરે સાચું કહ્યું છેઃ

તરજુમો : તું અલ્લાહની નાફરમાની કરે છે છતાં તેની સાથે મોહબ્બત રાખવાનો દાવો કરે છે ?

મારા રબની કસમ ! તર્ક બુદ્ધિ પ્રમાણે આ ઘણી આશ્ચર્યકારક બાબત છે.

જો તું સાચી મોહબ્બત કરનાર છો તો (તું ફરમાબરદાર) હુકમોને માનનારો બંદો બની ગયો હોત.

માલૂમ પડયું કે, રસૂલ (સ.અ.વ.) સાથે સાચી મોહબ્બત આપની તાબેદારી કરવામાં છે. એટલું જ નહીં પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની તાબેદારી કર્યા વિના અલ્લાહનો રાજીપો પણ હાસલ થઈ શકતો નથી. અલ્લાહતઆલાનો ફરમાન છે કે કુલ-ઈન-કુન્તુમ-તુહિબ્બૂનલ્લાહ-ફત્તબિઊની-યુહબિબ્કુમુલ્લાહુ-વયગ્ફિરલકુમ-ઝુનૂબકુમ-વલ્લાહુ-ગફુરૂર્રહીમ. (આલેઇમ્રાન-૩૧)

હે નબી ! આપ મુસલમાનોને કહી દો કે, જો તમે અલ્લાહની સાથે મોહબ્બત રાખો છો તો મારી તાબેદારી કરો (તો) અલ્લાહતઆલા તમને ચાહનારો બનાવી લેશે અને તમારી ભૂલો (ગુનાહો) ને માફ ફરમાવશે. અલ્લાહ ઘણો જ માફી આપનાર અને ઘણો જ રહેમ કરનારો છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની સાથે મોહબ્બતના નમૂનાઓ જોવા હોય તો આપના તાબેદારો સહાબાઓ (રઝિ.) ના જીવનચરિત્રનો અભ્યાસ કરો.

હઝરત આઈશહ (રઝિ.) થી રિવાયત છે કે, એક સહાબી રસૂલુલ્લાહ (સ.અ.વ.) પાસે આવ્યા અને પૂછયું કે, હે અલ્લાહના રસૂલ ! (સ.અ.વ.) હું આપને મારા જીવ તેમજ મારા કુટુંબીજનો (બાળકો અને પત્ની) કરતાં પણ વધારે ચાહું છું. મારા ઘરમાં મારા બાલ-બચ્ચાઓની વચ્ચે હોઉં છું ત્યારે ત્યારે આપને યાદ કરૂં છું અને જયાં સુધી આપના દર્શન ન કરી લઉં ત્યાં સુધી મારા જીવને શાન્તિ (નિરાંત) નથી મળતી, એટલે બધાને પડતો મૂકી આપની પાસે દોડયો આવું છું. અને આપના દીદાર કરવાનો લ્હાવો મેળવી લઉં ત્યાર પછી જ રાહત મળે છે. પણ જયારે મારી મૌતને યાદ કરૂં છું તો મને ખ્યાલ આવે છે કે, જન્નતમાં તો આપનો ઘણા જ ઉચ્ચ સંકુલમાં નબીઓની સાથે સ્થાન હશે અને જો અલ્લાહતઆલા મને જન્નત નસીબ ફરમાવે તો ડર છે કે, આપના દીદાર ન થાય (કેમ કે અમારો

સામાન્ય સંકુલમાં સ્થાન હશે) તેના ઉપર અલ્લાહતઆલાએ આ આયત ઉતારી.

વમૈ-યુતિઈલ્લાહ-વર્રસૂલ-ફઉલાઈક-મઅલ્લઝીન-અન્અમલ્લાહુ-અલૈહિમ-મિનન્નબિય્યીન-વસિદદી-કીન-વશ્શુહદાઈ-વસ્સાલિહીન-વહસુન-ઉલાઈક-રફીકા. (સુરએ નિસાઅ : ૬૯)

અર્થાત્ : જે લોકો રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની તાબેદારી કરે તેઓ એ લોકોની સાથે હશે જેમની ઉપર અલ્લાહતઆલાએ પોતાનો ઈનામ વરસાવેલ છે (એટલે કે) તે નબીઓ - સાચા સિદ્દિકો, શહીદો તેમજ સાલેહીનની સાથે (હશે) અને તે (બધા) શ્રેષ્ઠ સાથીદારો છે. (તફસીર ઈબ્નેકષીર ૧/૫૨૩)

જોયું ! તેમને રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની સાથે કેવી મોહબ્બત હતી ? તેમના નીકટજનો કુટુંબીજનો હોવા છતાં આપ (સ.અ.વ.) ની મોહબ્બત દિલમાં ઓછી થતી ન હતી અને જ્યાં સુધી આપના દર્શન ન કરી લેતા, ત્યાં સુધી મનને કરાર મળતો ન હતો. એટલે જ અલ્લાહતઆલાએ ઉપરોકત આયતો ઉતારી ફરમાવ્યું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની નિકટતા, આપના દીદારનો લહાવો મેળવવા ઈચ્છો છો તો તેના માટે અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.) ની તાબેદારી કરો.

મોહબ્બતે રસૂલનો એકબીજો સચોટ નમૂનો જોવો હોય તો સઈદ બિનમુઆઝ (રઝિ.) ના તે શબ્દો જે જંગેબદ્રના મોકા ઉપર તેઓએ રસૂલેકરીમ (સ.અ.વ.) ની ખિદમતમાં અરજ કરી ફરમાવ્યા હતા કે, “હે અલ્લાહના રસૂલ (સ.અ.વ.) અમે આપની ઉપર ઈમાન લઈ આવ્યા છીએ, અમે આપને સાચો માની ગવાહી આપી છે કે જે કંઈ આપ લઈને આવ્યા છો તે બધું સત્ય છે. તેને અમારી વાણી વર્તન દ્વારા સ્વીકારી વાયદો નિભાવવાનું વચન આપેલ છે, આપ અલ્લાહના રસૂલ છો માટે જે કંઈ આપને નિર્ણય લેવાનો ઈરાદો હોય તેની પહેલ કરો. તે હસ્તીના સોગંદ જેણે આપને સચ્ચાઈની સાથે ઉતારેલ છે, જો આપ (સ.અ.વ.) અમને સાથે રાખી સમુદ્રમાં કૂદી જવાની હાકલ કરશો તો અમે તેમાં આપની સાથે કૂદી પડવા તૈયાર છીએ. અમારામાંથી એક માણસ પણ (તેમ કરવામાં) પાછળ નહીં રહે, અમને લેશમાત્ર કોઈ સંદેહ અથવા ખચકાટ દુશ્મનની સાથે ટકરાવવામાં (મુકાબલો કરવા માટે) નહીં થાય. અમે જંગ કરવા માટે મક્કમતા રાખનારા તેમજ લડવામાં બહાદુર મર્દ છીએ, શકય છે અલ્લાહતઆલા અમારા થકી આપને વીરતાના એ જોહર દેખાડે કે જેનાથી આપના નયનોને ઠંડક પહોંચે. બસ ! આપ (સ.અ.વ.) અમને સાથે લઈ જાવ, અલ્લાહ બરકત આપે.”

આપ (સ.અ.વ.) ને એવો સંદેહ છે કે, અન્સારીઓ પોતાની એ ફરજ સમજે છે કે, તેઓ માત્ર તેમના દયાર (સર્કલ) માં મદદ કરવા પૂરતા છે. તો હું અન્સારીઓ વતી આપને જણાવું છું કે, આપ (સ.અ.વ.) જ્યાં પણ ઈચ્છો ત્યાં (અમને) લઈ જાવ. અને આપ જેની સાથે પણ સંબંધ બાંધવા ઈચ્છો તેની સાથે બાંધો તેમજ જેની સાથે આપ ઈચ્છો તેનાથી સંબંધ તોડી નાખો, આપ અમારો જે કંઈ માલ ખર્ચ કરવા ચાહો તે સ્વીકાર કરી લો અને જે કંઈ પરત કરવા ચાહો તે પરત કરી દો. પરંતુ અમારી ખુશનસીબી (અહોભાગ્ય) પરત કરેલા માલ કરતાં

આપનો સ્વીકાર પામેલ માલમાં છે. આ મામલામાં આપનો જે પણ નિર્ણય હશે તેને અમે સ્વીકારીશું. અલ્લાહની કસમ ! જો આપ બર્કેગમાદ (એક સ્થળ) સુધી જવા પહેલ કરશો તો અમે ત્યાં પણ આપની સાથે જવા તૈયાર છીએ અને જો આપ અમને સાથે લઈ સમુદ્રમાં ઝંપલાવવાનું ઈચ્છશો તો અમે તેમાં પણ કૂદી પડવા તૈયાર છીએ.

આપની સાથે સાચી મોહબ્બત સમજવા માટે હઝરત મિકદાદ (રઝિ.) ના શબ્દો જે તેઓએ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની ખિદમતમાં અરજ કરી ફરમાવ્યા હતા તેને જોઈએ.

હેં અલ્લાહના રસૂલ (સ.અ.વ.) અલ્લાહતઆલાએ આપને જે રસ્તો બતાવ્યો છે તેની ઉપર આગળ વધો. અમે આપ (સ.અ.વ.) ની સાથે છીએ અલ્લાહની કસમ ! આપને અમો એવી વાત નહીં કહીએ જેવી બની ઈસ્રાઈલે મુસા (અ.સ.) ને કહેલ હતી કે, ‘‘ઈઝહબ-અન્ત-વ-રબ્બુક-ફકાતિલા-ઈન્ના-હાહુના-કાઈદૂન.’’ (અલમાઈદહ-૨૪) (તમે અને તમારો રબ જાવ, અને લડો. અમે તો અહીં બેઠા છીએ) પણ અમે તો કહીએ છીએ આપ (સ.અ.વ.) અને આપના પરવરદિગાર સાથે ચાલો, અમે આપની સાથે છીએ. તે હસ્તીના સોગંદ જેણે આપને સચ્ચાઈની સાથે ઉતારેલ છે, જો આપ અમને બર્કેગમાદ (એક જગ્યાનું નામ) સુધી લઈ જાવ, તો અમે લડતાં લડતાં ત્યાં સુધી આપની સાથે ચાલશું.

સાચી મોહબ્બત જોવી હોય તો ઓહદના બે તરૂણ નવયુવાનોનો તે બનાવ યાદ કરો કે, જયારે બે અન્સારી તરૂણ નવયુવાનોએ સાંભળ્યું કે, અબુજહલ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની વિરૂદ્ધ અપમાનજનક બુરૂં ભલું બોલે છે તેથી તેઓ (ઉશ્કેરાઈ જઈ) અબુજહલના સગડ મેળવી તેને જોતાં જ કાળઝાળ બની પોતાની તલવારો ચમકાવતા કૂદી પડયા અને અબુજહલનો કામ તમામ કરી (કતલ કરી) ને જ શ્વાસ લીધો.

આ જંગમાં હઝરત અબુ દુજાનહ અન્સારી, તલ્હા બિન ઉબૈદુલ્લાહ, સૈયિદુશ્શુહદાઅ હજરત અમીર હમઝા બિન અબ્દુલમુત્તલિબ, અલી બિન અબીતાલિબ, અનસ બિન નઝર અને સઅદ બિન અરબીઅ (રઝિ.અ.) ની વીરગાથાઓ અને રસૂલુલ્લાહ (સ.અ.વ.) ઉપર સર્વસ્વ સમર્પણ કરવાના અજોડ કારનામાઓ જે ઈસ્લામી તવારીખમાં આલેખાયેલા છે તેનો અભ્યાસ કરો તો ખબર પડે કે મોહબ્બતે રસૂલ કોને કહેવાય.

હિજરતની રાત્રે હજરત અલી (રઝિ.) જાનની પરવાહ કર્યા વિના આપના બિસ્તર ઉપર સૂઈ જવું, હિજરતની મુસાફરીમાં હઝરત અબુબકર સિદ્દિક (રઝિ.) નું આપની સાથે રહી ડગલે અને પગલે આપની સુરક્ષા ખાતર આપની પ્રેમભાવ સાથે દેખરેખ રાખવી, શરાબ હરામ થવાનો હુકમ નાઝિલ થતાં ઘડીભરમાં સહાબાઓ દ્વારા શરાબ ત્યજી અને સૂરજામ અને મટકાઓ ફોડી નાખવા, અને પરદો કરવાનો હુકમ મળતા અન્સારી ઔરતો દ્વારા પરદો કરવાની એવી સાચવણી અને પાબંદી કરી બહાર નીકવું જાણે કે, તેમના માથા ઉપર પક્ષીઓ બેઠા હોય ! અનસ બિન માલિકને શાકભાજીમાં દૂધી એટલા માટે પસંદ હતી કે આપ (સ.અ.વ.) ને દૂધી

પસંદ હતી ! અને દૂધી સાથે વાત કરતા કે હે દૂધી તું રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની પ્રિય વસ્તુ છો એટલા માટે હું પણ તને પસંદ કરૂં છું. (તિર્મિઝી)

રસૂલુલ્લાહ (સ.અ.વ) સાથે સહાબાઓની મોહબ્બતનો અંદાજ કાઢવો હોય તો ઉર્વહ બિન મસ્ઉદનો તે બયાન પઢો જે સુલહ હુદૈબિયહના બનાવ વખતે રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની પાસે થઈને પોતાની કૌમમાં જઈને બોલ્યો હતો કે,

''હે મારી કોમના લોકો હું ઘણા સુલતાનોના દરબારમાં ગયો છું. હું કૈસર અને કિસરાની પાસે પણ ગયો છું અને નજાશીની પાસે પણ ગયેલ છું. પણ અલ્લાહની કસમ મેં કોઈ બાદશાહને એવો નથી જોયો કે તેની પ્રજા તેને માનવાવાળા લોકો તેની એવી તાઝીમ (આદર સન્માન) કરતા હોય જેવી મુહમ્મદ (સ.અ.વ.) ની તાઝીમ તેના માનવાવાળા કરે છે.''

અલ્લાહની કસમ ! જો મુહમ્મદ (સ.અ.વ.) થૂકે તો તેમનો થૂક કોઈ ન કોઈ માનનારાઓના હાથમાં ઝીલી લેવામાં આવે છે અને તેને પવિત્ર પ્રસાદ માની પોતાના શરીર ઉપર લગાવી લેવામાં આવે છે. જયારે (મુહમ્મદ સ.અ.વ.) કોઈ હુકમ આપે છે તો તેમના હુકમને પૂરો કરવા માટે તેમના માનનારાઓ પડાપડી કરતા હોય છે. જયારે તેઓ વુઝૂઅ કરે છે ત્યારે તેમના વુઝૂઅનો પાણી ઝીલવા માટે એવી પડાપડી કરે છે કે તે પાણી હાસલ કરવા માટે અંદરોઅંદર લડવા ઝઘડવા લાગે છે. અને જયારે તેઓ વાત કરે છે ત્યારે લોકો તદન પોતાની વાતને ધીમી કરીને ખામોશ થઈ જાય છે અને તેમના માન સન્માન ખાતર આપ (સ.અ.વ.) ની સામે એકીટશે નજર નથી મિલાવી શકતા.

ખૂલાસો એ કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની સાથે મોહબ્બત કરવાની શર્ત એ છે કે, અકીદહ-માન્યતા-શ્રદ્ધાઓ-ઈબાદતો તેમજ દરેક મામલાઓ-વ્યવહારો ચારિત્ર, સ્વભાવ, આદત, પહેરવેશ, (શકલ-સૂરત (દેખાવ) ખાવાપીવામાં તેમજ વર્તન હાવભાવ તમામ કામોની અંદર આપની તાલીમ ઉપર અમલ કરવામાં આવે. અને હરઘડી આપની મહાનતા, આપની મોહબ્બત દિલની અંદર રહેવી જોઈએ. અને આપની લાવેલ શરીઅતની સુરક્ષા કરવા માટે સઘળી વસ્તુ કુરબાન કરી દેવા તૈયાર રહેવું જોઈએ.

અને, લકદ-કાન-લકુમ-ફી-રસૂલિલ્લાહિ-ઉસ્વતુન-હસનહ પ્રમાણે અમલ હોવા જોઈએ કે જેથી કોઈપણ મામલામાં બિદઅત (નવા કામો) ઉપર અમલ તેમજ સુન્નત ફરમાનેનબ્વીથી વિમુખ ન થવાય.

કેમ કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ સુન્નતથી વિમુખ થનારાઓ માટે ગંભીર ચેતવણી ઉચ્ચારેલ છે. એક હદીષમાં છે કે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, ''મારી તમામ ઉમ્મત જન્નતમાં દાખલ થશે પણ જે ઈન્કાર કરે....

લોકોએ પૂછ્યું, ઈન્કારી એટલે શું ? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું, જે મારી તાબેદારી કરશે તે જન્નતમાં જશે અને જે મારી નાફરમાની કરશે તે ઈન્કારી છે.'' (અલબુખારી ૧૩/૨૪૯ (૭૨૮૦))

(સાભાર : નિદા-એ-હક, તા. ૧-૫-૨૦૦૨)

# મીલાદુન્નબી (સ.અ.વ.) કો મનાને સે પહેલે સોચીએ...

**અન-અબી-કતાદત (રઝિ.) અન્ન-રસૂલલ્લાહિ સલ્લલ્લાહુ-અલૈહિ-વ-સલ્લમ-સુઈલ-અન-સવ-મિ-યવ-મિલ્ઈષ-નયનિ-ફકાલ ''ફીહિ વુલિદતુ વ-ફીહિ ઉન્ઝિલ-અલય્ય'' (રવાહુ મુસ્લિમુન)**

હઝરત અબૂ કતાદહ રઝિ. સે રિવાયત હૈ કિ રસૂલુલ્લાહ (સ.અ.વ.) સે પૂછા ગયા કિ સોમવાર કે દિન રોઝહ કયૂં રખતેં હૈ ? તો આપ (સ.અ.વ.) ને જવાબ દિયા કિ મૈં ઉસી દિન (સોમવાર) કો પૈદા હુવા ઔર ઉસી દિન મુઝ પર વહી ઉતરી. (મુસ્લિમ)

મઝકૂરહ (ઉપરની) હદીષ ઔર ઈસ્કે સિવા બોહતસી સહીહ (પ્રમાણિત) હદીષોંસે યેહ બાત ષાબિત હૈ કિ આપ (સ.અ.વ.) કી વિલાદત બા સઆદત (જન્મ) પીર (સોમવાર) કો હુઈ ઔર આપ (સ.અ.વ.) ઉસી દિન રોઝહ રખતે થે ઔર જબ કિસીને આપસે પૂછા કિ આપ પીર કે દિન રોઝહ કયૂં રખતે હૈ ? તો ખૂદ આપ (સ.અ.વ.) ને ફરમાયા કિ ''મૈં ઈસી દિન પૈદા હુવા'' ઈદેમિલાદ - રસૂલુલ્લાહ (સ.અ.વ.) કિ વિલાદત કો લેકર હી મનાઈ જાતી હૈ ઔર ઈદ કે દિન રોઝહ રખના હરામ હૈ. (મુસ્લિમ) લૈકિન યહાં તો રસૂલુલ્લાહ (સ.અ.વ.) ખૂદ રોઝહ રખે હુવે હૈ.

અબ સવાલ યેહ પૈદા હોતા હૈ કિ રોઝહ ઔર ઈદ દોનોં કૈસે જમા હો સકતે હૈ ? જવાબ બિલ્કુલ વાઝેહ (સ્પષ્ટ) હૈ કિ યેહ રોઝહ અલ્લાહ કે રસૂલકા દિયા હુવા હૈ ઔર યેહ ઈદ (ઈદેમિલાદ) લોગોં કી નિકાલી હુઈ હૈ. ઔર હર વોહ ચીઝ જો રસૂલુલ્લાહને ન દી હો ઔર લોગ અપની તરફ સે નિકાલ કર દીન, મઝહબ કે નામ પર જળ દેં ઉસીકો બિદઅત (દીન મેં નયા કામ) કેહતે હૈં. જો આદમી કો જહન્નમકા મુંહ દિખાતી હૈ.

યહાં યહ બાત ભી યાદ રખની ચાહિયે કિ પીર (સોમવાર) કા રોઝહ રખને કે લિયે ભી રબીઉલ્અવ્વલ કા મહીના યા ઉસ્કી ૯ યા ૧૨ તારીખ ખાસ નહીં હૈ, બલ્કે યેહ હુકમ હર હફતે (અઠવાડિયું) કે પીર (સોમવાર) કે લિયે હૈં.

ખુલાસહ યેહ હૈ કિ ઈદકે દિન રોઝહ રખના મના હૈ ઔર જબ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ને અપની પૈદાઈશ કે દિન ખુદ રોઝહ રખ્ખા હૈ તો ઈસકા સાફ મતલબ યેહ હુવા કિ યેહ દિન ઈદકા નહીં હૈ ઔર ઈસ દિન ઈદેમીલાદુન્નબી મનાના દુરૂસ્ત નહીં હૈ.

રબ્બુલઆલમીન ઉમ્મતે મુહમ્મદ (સ.અ.વ.) કો સહીહ બાત સમજને કી તૌફીક અતા ફરમાએ. આમીન.